**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રીઝ
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૧૭ ટકા

# શહેરના પરીક્ષાર્થીઓને શુભેચ્છાઓનો અવિરત ધોધ

## શેઠ સી.એમ. હાઈસ્કુલ ખાતે ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલય ખાતે રાજય શિક્ષણમંત્રી વિભાવરીબેન દવેએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓના સુવર્ણ ભવિષ્ય માટે હાર્દિક શુભકામનાઓ આપી

ગાંધીનગર, તા.૧૨

ખાતે આજથી આરંભ થતી ધોરણ- ૧૦ અને ૧૨ની પરીક્ષાઓના વિદ્યાર્થીઓને રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ શેઠ સી.એમ. હાઈસ્કુલ અને શિક્ષણ રાજય મંત્રી વિભાવરીબેન દવેએ જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલય ખાતે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ગુલાબનું ફૂલ અને ચોકલેટ આપીને શુભકામનાઓ પાઠવી હતી.

શેઠ સી.એમ. હાઈસ્કુલ, સેકટર- ૨૩ ખાતે વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવવા ઉપસ્થિત શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજથી આરંભ થનાર ધોરણ- ૧૦ અને ૧૨ની પરીક્ષા આપનાર સર્વે વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આજે રાજયમાં ધોરણ- ૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૫ લાખ ૧૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ આપશે. આ પરીક્ષાઓ રાજયના ૧૫૪૫ જેટલા સેન્ટરોના ૫૪૮૩ જેટલા શાળા સંકુલના ૬૦૩૩૮ જેટલા વર્ગ ખંડોમાં યોજાનાર છે. છેલ્લા બે વર્ષથી ધોરણ- ૧૦ અને ૧૨ ની પરીક્ષાઓનું આયોજન જેલમાં









પણ કરવામાં આવે છે.

શેઠ સી.એમ. હાઈસ્કુલ, સેકટર- ૨૩ ખાતે શુભકામનાઓ પાઠવવા માટે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ.એમ.બારડ અને સંસ્થાના શિક્ષકો અને ટ્રસ્ટી મંડળના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

જે.એમ.ચૌધરી સાર્વજિનક કન્યા વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવા માટે મંત્રી શ્રી સાથે સંસ્થાના વડા શ્રી હરિભાઈ વી. ચૌધરી, મહામંત્રી શ્રી એમ.કે. ચૌધરી, મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, સંસ્થાના કેમ્પસ ડાયરેકટર શ્રી યશવંતભાઈ ચૌધરી સહિત શિક્ષકગણ અને ટ્રસ્ટી મંડળના સભ્યો પણ ઉપસ્થિત રહ્યાં હતા.

## સે-૧૩માં બંધ મકાનમાંથી ૧.૪૩ લાખની ચોરી


ગાંધીનગર, તા.૧૨


ગાંધીનગર શહેરમાં રોજ બરોજ ચોરીના કિસ્સા વધી રહ્યા છે. ચોર ઈસમો માટે શહેર જાણે સોફ્ટ ટાર્ગેટ બનતું જાય છે.બંધ મકાનને નિશાન બનાવી ચોર ઈસમો ગણતરીની મિનીટોમાં લાખોની ચોરી કરી પલાયન થઈ જાય છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૧૩ માં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડીને ઘરમાં પ્રવેશી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળીને કુલ રૂ.૧.૪૩ લાખની ચોરી થવા પામી છે. આ બનાવની જાણ સમગ્ર સેકટરમાં થતા સેકટરવાસીઓમાં પણ ડર પ્રસરી ગયો છે. ત્યારે બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનોં નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૧૩ પ્લોટ નં-૮૮૦-૨ ખાતે રહેતા નિરવ કિરીટભાઈ પંડયા પોતાના પરિવાર સાથે વસવાટ કરે છે. તેઓ ગત્ તા.૯ ના રોજ કોઈ કારણોસર બહારગામ ગયા હતા. ત્યારે સાંજના સાડા સાતથી લઈને સવારના સવા નવ વાગ્યાના અરસામાં તેમના મકાનમાં વરંડો કુદીને કોઈ ચોર ઈસમો અંદર કુદીને મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડીને ઘરમાં પ્રવેશી ઘરમાં સામાન વેર-વિખેર કરીને ઘરમાં રહેલા સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળીને કુલ રૂ.૧.૪૩ લાખની મતાની ચોરી થવા પામી છે. રાત્રીના અંધકારમાં નિશાચરો પોતાની કળા કરીને પલાયન થઈ જતા સમગ્ર સેકટરમાં ભય ફેલાયો છે. ત્યારે બીજીતરફ સેકટર-૧૩ માં જ બાજુમાં કીરીટભાઈ મિસ્ત્રીના ઘરમાં પણ ચોરીનો પ્રયાસ થયો હતો. પરંતુ ઘરમાંથી કોઈ ચીજવસ્તુ ચોરી ન થતા તેઓએ કેસ નોંધાવ્યો નહતો. ત્યારે ચોર ઈસમો એક પછી એક ચોરી અંજામ આપીને પોલીસને પડકાર ફેંકી રહી હોય તેમ લાગી રહ્યું છે. જયારે બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ચોર ઈસમોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## વહેલી સવારે ઘ-માર્ગ પર ટ્રાફિક જામ સર્જાતા વાહન ચાલકો-રાહદારીઓ પરેશાન

### બોર્ડના વિદ્યાર્થીઓ-વાલીઓ, કર્મચારીઓ અને ભાજપ-કોંગ્રેસના સમર્થકો બધા એક સાથે જ સવારે માર્ગો પર વાહનો લઈ પસાર થતા ટ્રાફિક બેકાબુ બન્યો હતો





ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના મુખ્ય 'ઘ' માર્ગ પર વહેલી સવારથી જ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. પરિણામે વાહનચાલકો અને રાહદારીઓ તેમજ બોર્ડની પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ભારે ટ્રાફિકમાં ફસાઈ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ટ્રાફિક પોલિસ પણ વીવીઆઈપી બંદોબસ્તમાં વ્યસ્ત હોવાને લીધે શહેરનો ટ્રાફિક ખોરંભે ચડયો હતો.

શહેરના ઘ માર્ગ પર વહેલી સવારથી જ વાહનો મોટા પ્રમાણમાં ખડકાઈ જતા ટ્રાફિક ગંભીર બન્યો હતો. આજે ૧૨મી માર્ચે રાજયભરમાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે. ગાંધીનગરમાં પણ વિદ્યાર્થીઓ મોટા પ્રમાણમાં પરીક્ષાઓ આપી રહ્યા છે ત્યારે શહેરના પીકઅવરમાં જ ટ્રાફિક ગંભીર બનતા ઠેર ઠેર ચક્કાજામ સર્જાયો હતો.

શહેરના ઘ-માર્ગ પર ઘ-દોઢ ખાતે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલા અને મનસુખ માંડવિયા વિધાનસભા ખાતે પોતાનું ઉમેદવારી ફોર્મ ભરવા મોટી સંખ્યામાં ટેકેદારો અને સમર્થકો સાથે ઉમટી પડયા હતા પરિણામે ઠેર ઠેર નાની-નાની કાર અને મોટી લકઝરીઓ માર્ગોની પાસે ઉભી કરાઈ દેવાતા ટ્રાફિકની સમસ્યા ગંભીર બની હતી. બીજી તરફ બોર્ડની પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓ અને વાલીઓ, સરકારી ઓફિસો સચિવાલય, વિધાનસભા ખાતે નોકરીએ જતા કર્મચારીઓ, નગરજનો સવારના ૯ થી ૧૨ કલાક દરમિયાન ભારે ટ્રાફિક જામની સ્થિતિમાં ફસાઈ ગયા હતા. ઉપરાંત લગ્નની સિઝન હોવાથી વાહનો મોટા પ્રમાણમાં જોવા મળ્યા હતા.

સવારથી 'ઘ' માર્ગ પર ટ્રાફિક જામની ઘટના બનતા રાહદારીઓ અને નગરજનોને ભારે પરેશાનીનો સામનો કરવો પડયો હતો.

## પારૂલ ફાઉન્ડેશન દ્વારા આદિવાડામાં પોલિયો રસીકરણ

ગાંધીનગર, તા.૧૨

પારૂલ એસ ફાઉન્ડેશન દ્વારા આદિવાડા ગામે પ્રાથમિક શાળામાં પોલિયો બુથમાં લોક જાગૃતિ કેળવાય તે અર્થે સંસ્થાના હોદ્દેદારોએ ધી અર્બન હેલ્થ સોસાયટી ગાંધીનગર દ્વારા પોલિયો રસીકરણના કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા.





આદિવાડા પ્રાથમિક શાળામાં આંગણવાડી કાર્યકર હંસાબેન મકવાણા જયોતિકાબેન લોધા, મંજુલાબેન પ્રજાપતિ, પારૂલ ફાઉન્ડેશનના પ્રમુખ સંજય ડોડીયા, ચિરાગ મહેરીયા, રણજીતસિંહ ચૌહાણ, મહામંત્રી નટવરસિંહ ચૌહાણે જહેમત ઉઠાવી હતી.

## એન.એસ.યુ.આઈ. દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી



ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડની પરિક્ષાઓનો પ્રારંભ થયો હતો ત્યારે ગાંધીનગરના સ્થિત સ્વામીનારાયણ ગુરુકુલ, સેક્ટર-૨૨,૨૩ અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય સેક્ટર-૨૩ સાથે વિવિધ પરિક્ષા કેન્દ્રો પર પરિક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની કામના સાથે શુભેચ્છાઓ પાઠવવા માટે ગાંધીનગર જિલ્લા એન.એસ.યુ.આઈ. દ્વારા પેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. શુભેચ્છા પાઠવવા ગાંધીનગર જિલ્લા એન.એસ.યુ.આઈ.ના પ્રમુખ નયન શ્રીમાળી, અજયસિંહ વાઘેલા, શક્તિસિંહ, સુરેશ પટેલ, દિવ્યરાજસિંહ, રવિરાજસિંહ, કૃપાલસિંહ વગેરે વિદ્યાર્થી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રો. હિમાલી પ્રજાપતિનું રાજયકક્ષાના સેમિનારમાં વકતવ્ય

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના પ્રો. હિમાલી પ્રજાપતિએ પેટલાદ તાલુકાની મણિકાકા ટોપાવાલા ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ ખાતે યોજાયેલા પિડિયાટ્રિક ડ્રગ ડોઝ એડમિનિસ્ટ્રેશન એન્ડ કેલક્યુલેશનના સીએનઈ પ્રોગ્રામમાં તેમની આ સિધ્ધિ બદલ નર્સિંગ કોલેજના આચાર્ય રાજેશ રાવલ તથા તમામ કર્મચારીગણ દ્વારા બિરદાવવામાં આવી હતી.

સેક્ટર-૧૨ ખાતે નર્સિંગ કોલેજમાં અધ્યાપક તરીકે સવાઓ આપતા પ્રો. હિમાલી પ્રજાપતિની ચારુસેટ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ખાતે યોજાયેલ રાજયકક્ષાના સેમિનારમાં રિસોર્સ પર્સન તરીકે પસંદગી





કરવામાં આવી હતી. આ સેમિનાર ચારુસેટ યુનિ. સંલગ્ન મણિકાકા ટોપાવાલા ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ ખાતે યોજાયો હતો. જેનો વિષય 'બાળકોને આપવાની દવાઓના પ્રમાણનું સંચાલન અને ગણતરી' રાખવામા આવ્યો હતો. પ્રો. હિમાલીએ આ વિષયે તેમનું સંશોધનાત્મક વકતવ્ય રજુ કરી શ્રોતાઓને પ્રભાવિત કર્યા હતા. કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના આચાર્ય સહિત અધ્યાપક પરીવારે પ્રો. હિમાલીને આ સિધ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## બીબીએના ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીઍ)ના વિદ્યાર્થીઓ કૉલેજમાં ત્રણ વર્ષ સુધીનો અભ્યાસક્રમ પૂર્ણ કરી સ્નાતકની પદવી મેળવવા જઈ રહેલ વિદ્યાર્થીઓને કૉલેજ આજે તેમની ઉજ્જવળ કારકિર્દી માટે વિદાય આપી રહી છે. ત્રણ વર્ષ દરમ્યાન કૉલેજમાં રહી અનેક બાબતો અભ્યાસક્રમ તેમજ અન્ય પ્રવૃતિઓ થકી વિદ્યાર્થીઓ જે શીખ્યા તે શિક્ષા ને હવે તેઓ સમાજ જીવનમાં તેમજ પ્રોફેશનલ કારકિર્દીમાં અમલીકરણ કરશે. બીબીઍ નો અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે અનુસ્નાતક કોર્સની પસંદગી કરશે જ્યારે કેટલાક પોતાના વ્યવસાય કે નોકરીની શરૂઆત પણ કરશે.

આજનો સમગ્ર કાર્યક્રમ દ્વીતીય તેમજ પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ દ્વારા આયોજીત થયો હતો. વિદાય લઈ રહેલ વિદ્યાર્થીઓ દ્વારા પોતાનો



અભિપ્રાય આપતા જણાવ્યુ હતુ કે, કૉલેજના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા તેઓ ને હંમેશા માર્ગદર્શન તેમજ સહકાર પ્રાપ્ત થયો છે. તેઓ આજે જે કાંઈ મેળવી શક્યા છે તેમાં કૉલેજનો અમૂલ્ય ફાળો છે. જેને હંમેશા વિદ્યાર્થીઓ યાદ રાખશે. કૉલેજનાં આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિએ વિદ્યાર્થીઓને આગામી પડકારો માટે તૈયાર રહેવા જણાવ્યુ હતુ. સાથે સાથે વધુમાં જણાવ્યું હતું કે કોઈપણ ભૂતપુર્વ વિદ્યાર્થીઓને તેમના કારકિર્દી ના ઘડતર માટે જ્યારે પણ જરૂર પડે ત્યારે કોલેજ તેમનો માર્ગદર્શન આપવા તત્પર રહેશે. ડૉ. જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને મેનેજમેન્ટના ઍટીકેટસ દ્વારા ઉજ્જવળ કારકિર્દીનું ઘડતર કરવા જણાવ્યુ હતુ. કોલેજ દ્વારા ત્રણ વર્ષ દરમ્યાન શીખવેલ વિવિધ વિષયોનો વ્યાવસાયિક ઉપયોગ માટે પ્રેરણા આપી હતી. વિદ્યાર્થીઓઍ તેમના તમામ અધ્યાપકો તેમજ કોલેજના બિનશૈક્ષણીક સ્ટાફ પ્રત્યે આભારની લાગણી તેમના અભિપ્રાયમાં વ્યક્ત કરી હતી. વિદ્યાર્થીઓઍ વિદાય સમારોહમાં સુંદર અભિનય સહી ના કાર્યક્રમનું આયોજન કર્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ડૉ. નીરવ જોશી તેમજ સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યુ હતુ.

## સે-૬-બી ખાતે બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રનો નવમો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સેકટર-૨ સી ખાતે કાર્યરત બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર, પ્લોટ નં.૭૦૬, સેક્ટર-૬,બી ખાતે ગાંધીનગર રાજયોગ ગીતાપાઠશાળાનો નવમો વાર્ષિકોત્સવ ભવ્ય રીતે ઉજવાઈ ગયો.

સરાદાર સરોવર નર્મદા નિગમ લી. વદોદરાથી સુપ્રિન્ટેન્ડેન્ટ એન્જીનીયર તરીકે નિવૃત્ત પામેલ કાંતિભાઈ પી.પટેલ અને તેમના યુગલ ભાવનાબેન દ્વારા ખૂબ જ પ્રેમ, આદર અને ઈશ્વરીય પાલનાથી ઉછેરવામાં આવેલ રાજયોગ ગીતાપાઠશાળાના નવમા વાર્ષિકોત્સવ પ્રસંગે એક સુંદર આધ્યાત્મિક સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું.



સૌ પ્રથમ બ્રહ્માકુમારીઝ સેકટર-૨૮ના સંચાલિકા આદરણીય કૈલાશ દીદીજી દ્વારા શિવધ્વજારોહણ કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત ૨૦૦ જેટલાં બ્રહ્મા મુખવંશાવલી બ્રહ્માકુમાર અને બ્રહ્માકુમારીઓ દ્વારા ઝંડાને સલામી આપી શ્રીમતની સ્મૃતિ યાદ કરવામાં આવી હતી. પરમાત્માની યાદ સાથે શરૂ કરેલ સ્નેહમિલનમાં પુષ્પો, શબ્દો અને નૃત્ય અને ગીતો દ્વારા આમંત્રિતોનું સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. બી.કે.ભાવનાબેને સ્વાગત પ્રવચનમાં આ રાજયોગ ગીતાપાઠશાળાના નવ વર્ષના ઈતિહાસની યાદ તાજી કરાવી હતી. આ પ્રસંગે નાની નાની બાળાઓ એ ખૂબ જ સરસ નૃત્યો, ગીતો અને અવનવા કાર્યક્રમો રજુ કર્યા હતા. કૈલાશ દીદીએ સૌને દિલના આશીર્વાદ આપ્યા હતા. અંતે કાંતિભાઈ પટેલ દ્વારા કરન કરાવનહાર પરમપિતા શિવબાબા અને સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

## વાતવાતમાં

● રાજયસભાનું ફોર્મ ભરવા 'સાયકલ' ચલાવીને ગયેલા મનસુખ માંડવિયા સહિત ભાજપી અગ્રણીઓ સાથે તેમના વાહનો પણ હારોહાર ચાલતા હતા. વિધાનસભા સંકુલમાં ઉમેદવારી ફોર્મ ભર્યા પછી આ નેતાઓએ સાયકલ રઝળતી મૂકી પોતાના વાહનોમાં નીકળી જવાનું મુનાસિબ સમજતાં સમગ્ર તાયફો ફકત દેખાવ માટે કર્યો હોવાની તથા રાજકારણમાં ઉપયોગ કર્યા પછી ભૂલી જવાની નીતિ દેખાઈ આવી હોવાની ચર્ચાઓ ચાલતી હતી.

● બોર્ડની પરીક્ષાના પ્રારંભે વિદ્યાર્થીઓ તથા વાલીઓના ટોળેટોળાં પરીક્ષા કેન્દ્રો પર સવારથી જ જોવા મળ્યા હતા. પરીક્ષાનો પ્રથમ દિવસ હોવાથી પોતાનો બેઠક નંબર તથા અન્ય સૂચના પ્રાપ્ત થઈ શકે તે હેતુથી વાલીઓએ વિદ્યાર્થીઓને વહેલા પરીક્ષા કેન્દ્ર પર લાવવાનું મુનાસિબ માન્યું હતું.

● બોર્ડની પરીક્ષાઓના પરીક્ષા કેન્દ્રોની આસપાસ પરીક્ષા શરુ થવાના અને પૂર્ણ થવાના સમયગાળા દરમિયાન ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સવારે ધો-૧૦ અને અને બપોરે ધો-૧૨નું પેપર હોવાથી દિવસમાં કુલ ચાર વખત આ પ્રકારની સ્થિતિ સર્જાવા પામી હતી.

## વિશ્વકર્મા સેવા સમાજની ૮મી એપ્રિલે વાર્ષિક સભા મળશે

ગાંધીનગર, તા.૧૨

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તા. ૮મી એપ્રિલના રોજ સાંજે ચાર વાગે સમાજના હોલમાં રાખવામાં આવી છે. જેમાં ૨૦૧૮-૧૯ની નવી કારોબારીની રચનાની જાહેરાત કરવામાં આવશે. સમાજપયોગી કાર્યો અંગે ચર્ચા કરવામાં આવશે. ૨૦૧૮-૧૯ની નવી કારોબારીની રચના બાબતે જે તે સભ્યને રસ હોય તો તેઓએ સંસ્થાની ઓફિસમાંથી માહિતી મેળવી લેવી. કારોબારીની રચના અંગેની તમામ વિગતો નોટીસ બોર્ડ પર જણાવેલ છે તેમ પ્રમુખ વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરે જણાવેલ છે.

## એકલીંગજી પ્રાગટય મહોત્સવ પંચદેવમાં ઉજવાશે

ગાંધીનગર, તા.૧૨

ફાગણ વદ-૧૪ એ એકલીંગજીનો પ્રાગટય દિવસ છે. રાજસ્થાનમાં શ્રીનાથજીના દર્શન જતા મેવાડના રાજા એકલીંગજીનું યાત્રાધામ છે. તા.૧૬મી માર્ચ ગુજરાતના સાબરકાંઠા, અમદાવાદ-મહેસાણા-મુંબાઈમાં એકલિંગજીનો મહોત્સવ ઉજવાય છે. ત્રિવેદી મેવાડા, ભટ્ટ મેવાડાના તેઓ આરાધ્ય દેવ છે.

ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે આગામી તા. ૧૬ તારીખે પંચેદવ મંદિર ખાતે એકલિંગજી મહોત્સવ ત્રિવેદી મેવાડા ભટ્ટ-મેવાડા બ્રાહ્મણો દ્વારા બપોરે ૨ કલાકે યોજાશે. જેમાં સૌ સાથે મળીને પ્રસાદ મેળવશે. તો આ એકલીંગજી મહોત્સવમાં ઉપસ્થિત રહેવા ભટ્ટ મેવાડા સમાજના ભાઈ-બહેનોને અનુરોધ કરવામાં આવે છે. ભંડારાના મુખ્ય યજમાન વિદ્યુતભાઈ પંડયા ગાંધીનગરના છે.

## ચિરવિદાય

- સ્વ. પરમાર ઉમેદસિંહ જેણાજી, ઉ.વ. ૫૦
- સ્વ. દેસાઈ મગનભાઈ દલાભાઈ, ઉ.વ. ૭૪
- સ્વ. કલાબેન રમેશચંદ્ર શાહ, ઉ.વ. ૭૪
- સ્વ. પટેલ અમરતભાઈ આત્મારામ, ઉ.વ. ૭૧